SAMAST MAHAJAN MEDIA COMMITTEE

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૪૧ • તા.૨૧ જાન્યુઆરી થી ૨૭ જાન્યુઆરી ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## કેડીઓ કલાસિકની ૨૫ વર્ષની 'સુહાની સફર'ની ઉજવણી કાર્યક્રમ યોજાયો










# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

**LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA**



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


**અમારી વાત...** **સંપાદક સ્થાનેથી**

# મોટું વિચારો અને એને સાકાર કરો

શારીરિક રીતે બીજા અનેક પ્રાણીઓની તુલનામાં આપણે કમજોર હોવા છતાં આજે માનવજાતિ દુનિયાની સૌથી સબળ અને બુધ્ધિશાળી જાતિ ગણાય છે. આ માટે માનવની વિચાર કરવાની શક્તિ અને વિચારોને અમલમાં લાવવાની તેની પ્રતિભાને લીધે છે. માનવી જેટલું મોટું વિચારે એટલો મોટી રીતે તેનો આવિષ્કાર કરી તેનો અમલ થાય એ માટે પ્રયત્નશીલ રહે તો કેટકેટલી સિધ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. જેટલી મોટી વિચારોની શક્તિ એટલી મોટી ઉપલબ્ધિઓ મળી શકે. પણ એ વિચારોને બળ આપવા સતત મહેનત, અસીમ પરિશ્રમ અને સખત કાર્ય કરવું પડે છે.

કેટલાકના શરીરમાં આળસ અને મગજમાં કલ્પના વિહીન ભાવ હોવાથી કામનો બોજ ન પડે એ માટે મોટું વિચારવાનું ટાળે છે. કેટલાક સ્વકેન્દ્રી વ્યક્તિઓ સાહસ કરવાના ડરથી ભવિષ્યનો વિચાર કર્યા વગર વર્તમાનમાં જે મળ્યું છે, જેટલું મળ્યું છે તેનો સંતોષ માણી હાથ પર હાથ ધરીને બેઠા રહે છે. પડકારોનો સામનો કરવો પડશે એવા ભયને લીધે પોતે પોતાના સુરક્ષિત ઝોનમાં બેઠા રહે છે, જીવન ગુજારે છે. જ્યારે જેઓ મોટી વિચાર શક્તિ રાખનારા ઉધમી, સાહસી અને સામી છાતીએ લડનારા પડકારોનો સામનો કરવા સતત સજ્જ રહે છે અને પોતાના સેફઝોનમાંથી બહાર નીકળી સતત સમસ્યાઓ, વિઘ્નો અને સંકટોનો સામનો કરવા તત્પર રહે છે. આવી વ્યક્તિઓ જ્યારે પોતે વિચારેલું સાકાર થાય, સફળ થાય ત્યારે જ હથિયાર હેઠે મૂકે છે અને સંતોષ પામે છે. શક્યતાઓ અને સંભાવનાઓની કોઈ હદ હોતી નથી. સપનાઓ અને વિચારોને મુક્ત રાખો, એને બાંધી ન રાખો. સતત એને પાંખો ફૂટે અને તેઓ ખુલ્લા આકાશમાં વિહરે એવા પ્રયત્નો કરો જેથી રાખેલી સંભાવનાઓ સત્ય તરફ ગતિમાન થશે. અશક્ય છે, જે આશ્ચર્યજનક છે, જે કલ્પના બ્રાહ્ય છે ત્યાં સુધી પહોંચવાનો રસ્તો બનાવનાર સફળતા પામે છે અને સિધ્ધિ મેળવે છે.

માનવ જાતિ અસલમાં વાનરની ઉત્ક્રાંતિમાંથી સર્જાઈ છે એવું પ્રતિપાદ થયું છે. આદિમકાળથી આજ પર્યંત સુધી જેટલી શોધખોળ થઈ છે. એમાં માનવોની વિચારશક્તિ તેની બુદ્ધિની સજાગતા અને મગજની કલ્પનાશક્તિ એ જ પાયાનું કામ કર્યું છે. ગોળ પથ્થરોને ગબડતા નિરખીને લાકડાના ટુકડામાંથી વજન ઉચકવા માટે કામે લાગે એ માટે ગોળ પૈડા બનાવી વાહન બનાવ્યું. આકાશમાં ઉડતા પક્ષીઓમાંથી કલ્પના કરી વિમાન બનાવ્યા. ચકમકના ટુકડા ઘસવાથી થતા પ્રકાશમાંથી અગ્નિ બને એ માટે પ્રેરણા મળી. આમ સતત વિચારોના શક્તિને સતેજ રાખી જ્ઞાનને વિજ્ઞાનમાં પરિવર્તન કરનાર માનવી જાતિ જો હાથ પર હાથ ધરી બેસી રહી હોત તો આજે પણ અંધકારના કાળખંડમાં સૌ જીવતા હોત.

વિચારો અને કલ્પનાઓને સીમામાં બાંધી ન રાખો. તેને સતત ઉડવા દો અને તેની પાછળ તમે પણ ભાગતા, દોડતા રહો તો સફળતા હાથ લાગશે. મોટા વિચારો મોટી સફળતા અને સિદ્ધિ અપાવે છે. માટે મોટું વિચારો અને એ વિચારો સાકાર થાય એ માટે પ્રયત્નશીલ રહો.

જય જ્ઞાતિમૈયા

# સફળતા અને નિષ્ફળતામાં સમતા જરૂરી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવનમાં થોડું મેળવવા માટે ઘણું ગુમાવવું પડે છે. ધન, દૌલત મતા, કીર્તિ પ્રતિષ્ઠા બધું જેણે મેળવ્યું છે તેમને ઘણું ઘણું છોડવું પડ્યું છે. કેટલું ગુમાવ્યું પડ્યું છે તેનો સહી અંદાજ એને કોઈ નહીં પણ તેનો અંતરાત્મા આપી શકે છે. ધન, પદ અને પ્રતિષ્ઠા સાથો સાથ સારૂં સ્વાસ્થ્ય, સંતોષ અને મનની શાંતિ પણ મળવી જરૂરી છે. સારી વસ્તુઓ મળતાની સાથે જો સ્વસ્થતા ન મળવી શક્યા, સંતુલન ન જાળવી શક્યતા તો ગબડી પડતાં વાર લાગતી નથી. જે સીડી આપણને ઉપર લઈ જાય છે તે નીચે ઉતારી પણ શકે છે. જીવનનો નિયમ છે કે જેટલું મેળવતા જઈએ છીએ એટલું ગુમાવતા જઈએ છીએ.

માણસ એક સાથે ઘણી દિશાઓમાં દોડે છે. એક સાથે ઘણી બધી ચીજો મેળવવા પ્રયાસ કરે છે. પંરતુ વિપરીત રીતે એક મેળવીએ છીએ તો બીજી ગુમાવીએ છીએ. માણસને ખોટા કામ કરવા છે અને પ્રામાણિકતાનો દેખાવ કરવો છે. કરતૂત રાવણ જેવા કરવા છે અને રામનો સ્વાંગ ધરવો છે. અંદર શેતાન વસે છે અને સંતનો દેખાવ કરે છે. લોભ અને કૃપણતા અંતરમાં છે અને દાનવીરનો દેખાડો કરે છે. આમ બંન્ને વસ્તુઓ એક સાથે ચાલી શકે નહીં. કાં તો આપણે લોભી કંજૂસ બની શકીએ તો કાં તો દાનવીર, પ્રામાણિક બનીએ તો અપ્રામાણિકતા સમૂળગી કાઢવી નાંખવી જરૂરી છે. સાધુતા ધરાવીએ તો શેતાનિયત છોડવી પડે. એક જોડામાં બે પગ સમાવી શકાય નહીં. એટલે એક વસ્તુ મેળવી એ તો બીજી વસ્તુ ગુમાવવી પડે છે.

દરેક માણસને પોતાની પાસે જે નથી તેનું અદ્‌ભૂત આકર્ષણ હોય છે. પછી તે પૈસા હોય, બુધ્ધિ હોય, શક્તિ હોય કે અન્ય કોઈ કલા-કૌવત. જે વસ્તુનો તેને અભાવ રહે છે ઊણપ અછત હોય છે તે પાછળ માણસ પાગલ બની જાય છે અને તેને મેળવવા ખૂંપી જાય છે. પોતાના કરતાં બીજા પાસે શું છે તેની માણસને ચિંતા, ફિકર હોય છે. બીજાની પાસે જે કંઈ રહેલું હોય છે તે વધારે મહત્વનું અને અદ્‌ભૂત તેને લાગે છે. દુનિયામાં બે વસ્તુઓ ભયંકર છે એક તો ઈચ્છિત વસ્તુ મહેનત વગર જલ્દી મળી જાય અને બીજું ઈચ્છિત વસ્તુ મહેનત અને પરિશ્રમ કષ્ટ કરવાં છતાં ન મળે. આ બંન્ને અંતિમો માણસ માટે દુ:ખ સર્જન કરે છે. માણસને જે ચીજ સહેલાઈથી મળી જાય તેની તેને કદર નથી હોતી. સહેલાઈથી બધી વસ્તુઓ પ્રાપ્ત થાય છે. ત્યારે અભિમાન અને અહંકાર આવી જાય છે. પોતાની તાકાત શક્તિ સામર્થ્ય અને આવડતથી તેને ગર્વ થાય છે. પણ જીવનમાં સફળતા અને સિધ્ધિ મળે પછી અહંકાર ઊભો ન થાય અને પ્રભુની પ્રસાદી રૂપે તેનો સ્વીકાર થાય અને નમ્રતા ભાવ ઊભો થાય તો તેનાથી સફળતા અને સિધ્ધિ દીપી ઊઠે છે. નામ માત્રની સફળતાને કારણે ફૂલીને ફાળકો થઈ જવું એ માનવીય લક્ષણ છે.

સફળતા અને નિષ્ફળતા જીવનમાં ભરતી અને ઓટ જેવી પરિસ્થિતિ છે, જે સમય અને સંજોગોને આધિન છે. દરેક પરિસ્થિતિમાં સમતા ધારણ કરવી જોઈએ. અંતરમાં ડોકિયું કરીશું તો સાચી દ્રષ્ટિ પ્રાપ્ત થશે. સહી માર્ગ મળે એનું નામ જીવનની જાગૃતિ, મનની જાગૃતિ.


### બેંક એકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |


**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કેડીઓ ક્લાસિકની ૨૫ વર્ષની 'સુહાની સફર'ની ઉજવણી કાર્યક્રમ યોજાયો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની મોભી સંસ્થા 'કેડીઓ ક્લાસિકે' ૨૫ વર્ષ પૂરા કરતાં રજતજયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે રવિવાર, તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૩ના સવારના ૧૦ કલાકે 'કેડીઓ ક્લાસિકની સુહાની સફરની ઉજવણી'નો કાર્યક્રમ મુલુંડ ખાતેના કાલિદાસ નાટ્યમંદિરમાં યોજ્યો હતો.



જ્ઞાતિના શ્રેષ્ઠીવર્યો, સામાજિક કાર્યકરો, સભ્યો એવં પધારેલા મહેમાનો સમક્ષ કચ્છના જાણીતા કલાકાર, ઉસમાન મીરે પોતાની કચ્છી એવં ગુજરાતી ગીતોની ગાયકીથી મંત્રમુગ્ધ કર્યા હતા. એન્કર શ્રીમતી રીટા હરીયા એન્ડ પાર્ટીની બાલિકાઓએ સુંદર નૃત્ય પ્રસ્તુત કર્યા હતા. જૂના ગીતોની ધૂને ક્લાસિકના સભ્યો શિસ્તબધ્ધ નાચ્યા હતા અને આનંદ વ્યક્ત કર્યો હતો.



સહસંસ્થાપક સ્વ.શાંતિલાલ મૂલજી શિયાલને યાદગીરી વાગોળતા આ વર્ષોમાં વિશિષ્ટ યોગદાન આપનાર, માન્યવરોને યાદ કર્યા હતા અને સહસંસ્થાપક મણિકાંત ધુલ્લાએ પોતાના સંસ્મરણો રજૂ કરીને સૌનો આભાર માન્યો હતો. સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખોએ પોતાના મંતવ્યો જણાવ્યા હતા. ભૂતપૂર્વ પ્રમુખ અને દોસ્તી ગ્રુપના ડીરેક્ટર રાજેશ લોડાયાએ મેડીકલ ક્ષેત્રે કામ કરતા કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો.

પ્રમુખશ્રી જયંતભાઈ લાપસીયાએ તેમના ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે પાયાના પથ્થર સમાન શાંતિલાલ મુલજી શિયાલ, મુલજી રાઘવજી લોડાયા, કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા, મણિકાંત હિરજી ધુલ્લા, જી.વી.શેઠ, સી.એમ.શાહ, રમેશ મોતા એ સ્થાપેલ આ સંસ્થાના ૨૫મા વર્ષે મને પ્રમુખ થવાનો લાભ મળ્યો તે મારા ગર્વભરી બિના છે. આ સંસ્થા એક કેડીઓ ક્લાસિક ક્લબ તરીકે શરૂ થયેલી જે આજે શૈક્ષણિક, મેડિકલ, આર્થિક તેમજ સામાજિક સેવા ક્ષેત્રે જ્ઞાતિજનોની વધુમાં વધુ સેવા કરી રહી છે અને આગળ પણ આ પ્રવૃત્તિ ચાલુ રહેશે. કેડીઓ ક્લાસિક સાથે કેડીઓ ક્લાસિક યુથ જોડાતા આ સંસ્થાને એક નવું બળ મળ્યું છે. આ સંસ્થાને ૨૫ વર્ષમાં જેમણે પણ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે સાથ સહકાર આપેલ છે તેમને બધાને





# કેડીઓ ક્લાસિકની ૨૫ વર્ષની 'સુહાની સફર'ની ઉજવણી કાર્યક્રમ યોજાયો








મારા વંદન. વિશેષ આજના પ્રોગ્રામને સફળ બનાવવા માટે સંપૂર્ણ સાથ આપનાર વિજયભાઈ અને રોમાબેનનો પણ હું ઋણી રહીશ.



સંસ્થાના સહસંસ્થાપક શાંતિલાલ મૂલજી શીયાલની સુપુત્રી હીનાબેન અને ચેતનભાઈ રતાણી સહપરિવાર પુનાથી પધાર્યા હતા તેમજ સુપુત્ર અને પુત્રવધૂ રોમાબેન અને વિજયભાઈ ઈન્દૌરથી આ કાર્યક્રમ જોવા આવ્યા હતા. પિતાશ્રીએ સ્થાપેલ સંસ્થાના ૨૫ વર્ષ પૂર્ણ ઉજવણીમાં તેમનો વિશેષ યોગદાન રહ્યો હતો અને તેમણે સંપૂર્ણ કાર્યક્રમને પિતાની યાદગીરીમાં સ્પોન્સર કર્યું હતું.

પુત્રવધૂ રોમાબેનએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ભલે હું આસામી છું મારા સસરાજીએ સ્થાપેલ સંસ્થાનો લાભ દરેકે દરેક જ્ઞાતિજનોને પહોંચી રહ્યું છે એ જોઈને હું ખૂબ પ્રભાવિત થઈ છું. આ સંસ્થા હજી ખૂબ પ્રગતિ કરે એવી શુભેચ્છા. જ્ઞાતિના ધુરંધર વિરલાઓ કમલેશ શીવજી વિકમશી, ઈતિહાસવિદ વીરચંદ ધમરશી અને પ્રબોધ મુનવરનો સત્કાર કરાયો હતો.શ્રેષ્ઠી વર્યો હિતેશ મોતા, નયન ભેદા, જયેશ જૈન, પ્રવીણ લોડાયા, હરિશ ધરમશી, વિધાનસભ્ય મિહિર કોટેચા સહિત અગ્રગણ્ય મહાનુભાવોએ હાજરી આપી હતી.

ઉજવણીના ભાગ રૂપે સંસ્થાનો ઈતિહાસ સાથેની સભ્યોની ડીરેક્ટરી બહાર પડાઈ હતી. આ કાર્યક્રમમાં ૯૦૦ દર્શકોએ પ્રત્યક્ષ માણ્યું હતું અને યુટ્યૂબ, ફેસબુક લાઈવ ઉપર દેશ વિદેશના ૪૨૦૦ થી વધૂ દર્શકોએ જોયું હતું.

ધનરાજ કેટરર્સવાળા મેઘભાઈ અને ધનરાજ ખોનાના સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપીને સૌ સુખદ સંભારણા સાથે છૂટા પડ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પિનાકીન છેડા, જયશ્રી જૈન, તેજસ લાલકા અને ચેતન શાહ (પોલડીયા) એ સારી જહેમત ઉઠાવી પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

સદર ૩.૩૩ કલાકનો સળંગ કાર્યક્રમનો લાઈવ વીડિયો યુટ્યૂબ ચેનલ https://youtu.be/BfJZzAvKJtQ ઉપર ઘરબેઠાં જોઈ માણી શકો છો અને કેડીઓ ક્લાસિકની રજત વર્ષના કાર્યક્રમ સુહાની સફરની ઉજવણીમાં સામેલ થઈ શકો છો.

# ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| Loan | Rate |
|---|---|
| HOME LOAN | *7.49% (p.a.) |
| CAR LOAN | *7.49% (p.a.) |
| eAUTO LOAN | *7.49% (p.a.) |
| GOLD LOAN | *7.70% (p.a.) |
| LOAN AGAINST PROPERTY | *7.75% (p.a.) |
| LOAN AGAINST INSURANCE POLICY | *7.75% (p.a.) |
| TRADE LOAN | *8.50% (p.a.) |

* Terms & Conditions Apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

www.arihantbank.com @ ArihantBank

# જાણીતા ઉદ્યોગપતિ પિતા પુત્રની જોડી સોની ટીવીના શાર્ક ટેન્ક શો ઉપર ઝળકી



તા.૨૦ જાન્યુઆરી શુક્રવારના રાત્રે ૧૦ કલાકે સોની ટીવી ચેનલના જાણીતા શો શાર્ક ટેન્ક શોમાં નલિયા-ડોંબિવલી દેવલાલીના અને ડોબી ફૂડસ ઈન્ડિયા પ્રા. લિમિટેડના ડિરેક્ટર મુકેશ જાદવજી ધરમશીએ તેમના પુત્ર અર્જુન મુકેશ ધરમશી આમંત્રિત અતિથિ તરીકે આવ્યા હતા. તેઓ કંપની માટે ૭૨ લાખનો ભંડોળ મેળવેલ છે.

# અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીનો વિહાર કાર્યક્રમ

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા પાલિતાણાથી ગિરનાર છ'રી પાલક સંઘ બાદ ઉગ્ર વિહાર કરતાં કરતાં તા.૧૭ જાન્યુઆરી મંગળવાર દિને કચ્છ ભદ્રેશ્વર તીર્થે પધાર્યા. ત્યાંથી વડાલા થઈ તા.૧૮ જાન્યુઆરી બુધવારના સવારના મુંદ્રાનગર અને બપોરના ભુજપુર પધરામણી કરી. તા.૧૯ જાન્યુઆરી ગુરૂવારે બિદડા તા.૨૦ જાન્યુઆરી શુક્રવાર દિને બોંતેર જિનાલય ત્યાંથી નવાવાસ તા.૨૧ જાન્યુઆરી શનિવાર દિને માંડવી તાલુકાના લાયજા ગામે જિનાલય શતાબ્દી મહોત્સવ અને દીક્ષા મહોત્સવ પ્રસંગે પધારશે.

# જૈન તીર્થોની રક્ષા અને જૈન વારસાઓ, સંપત્તિઓની સાર સંભાળ હવે જૈનો જ હસ્તક રહે એ સમયની માંગ છે

વર્તમાન સ્થિતિ જોતાં રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ, કચ્છ જીલ્લા કે ભારતના અન્ય તીર્થ ક્ષેત્રમાં જૈનોના બદલે જૈનેત્તરોના હાથમાં જૈન તીર્થોની સુરક્ષા અને સંચાલનની જવાબદારી હોય છે. હાલમાં દેશાવરમાં કોઇ પણ નોકરી કરવા ઇચ્છતું નથી. જેથી તીર્થ સંચાલકોએ સંપૂર્ણ જવાબદારી પરિસ્થિતિવશ જૈનેત્તરોને સોંપવી પડે તેવી સ્થિતિ હોય છે.

ઉપરના રાજ્યોના તીર્થ પરિસરમાં રહેતાં જૈનો લગભગ શહેરો તરફ રોજગાર અને અભ્યાસ માટે સ્થળાંતર કર્યું જેના ગંભીર પરિણામ એ આવ્યું કે લગભગ તીર્થોનું સંચાલન જૈનેત્તરોના હાથમાં આવ્યું. જૈનોના લગભગ તીર્થો જૈનેત્તરોના હાથમાં આવતાં આપણાં ભંડારો, ગુપ્ત ભંડારો, સોનું, ચાંદી, રત્નો તેમજ પ્રાચીન પંચધાતુની પ્રતિમાજી વગેરે મહામૂલ્યવાન હોવાથી રજેરજની માહિતી તેમની પાસે રહી.

ટ્રસ્ટીઓ કે પદાધિકારીઓની દૈનિકધોરણે હાજરી ન હોવાથી તેના સર્વોપરી સેવા કાર્યકર જૈનેત્તરો જ રહ્યા. શું ખાતરી છે કે દરેક વ્યવહાર નીતિ-નિયમ અને ઇમાનદારીપૂર્વકના હોઇ શકે? વર્તમાનમાં પાલિતાણાની સ્થિતિ જોઇ હૃદય દ્રવી ઉઠે છે. એક વખત શત્રુંજય તીર્થનો રખેવાળ જ શત્રુંજય તીર્થનો વેરી બન્યો! આપણી અહિંસા પ્રેમની ભાષા પણ તેને સમજાઇ. જે જેવો હોય છે તે તેવો સાબિત કરી ને રહે છે. વીંછી પાણીમાં પડી જાય અને તેને બચાવવા જાઓ તો બચાવનારને ડંખ જરૂર મારે! આમાંથી બોધપાઠ હવે નહીં લઇએ તો પછી ક્યારે લઇશું? રક્ષક જ ભક્ષક બને ત્યારે શું પરિણામ આવે તે આપણે નજરે જોઇ રહ્યા છીએ.

હવે સમય આવ્યો છે આપણાં તીર્થો, અતિથિભવન, ઉપાશ્રય, જૈન વારસાઓ, જૈન સંપત્તિઓની સાર સંભાળ હવે જૈનોએ જ કરવી પડશે. તે માટે તીર્થના ટ્રસ્ટીગણો કે પદાધિકારીઓએ હવે જૈનોને જ નોકરીએ રાખવા પડશે. આ બાબતને ધ્યાનમાં લઇ હવે નોકરી કરવા ઇચ્છતા જિન શાસનપ્રેમી લોકોએ પોતાની આવડત અને કુશળતા પ્રમાણે તીર્થ ક્ષેત્રની સાર સંભાળ (મહેતાજી, હિસાબનીશ, પૂજારી વગેરે પદો) માટેની નોકરી કરવા પણ આગળ આવે. તે જ પ્રમાણે તીર્થના ટ્રસ્ટીગણ અને પદાધિકારીઓ પણ પહેલ કરે કે સારા પગાર ઉપર નોકરીએ રાખે જેથી તેનું જીવન ત્યાં જ સુખરુપ પસાર થઇ જાય.

આજે આ બાબતને ગંભીરતાથી નહીં લઇએ તો રક્ષક જ ભક્ષક બનશે, તેમને તો જૈન ધર્મના નીતિ-નિયમોથી શું લેવા-દેવા? તેના જવાબદાર આપણે જ બનીશું. ગંભીરતાથી વિચારો જૈનોને મળેલા અમૂલ્ય સ્થાવર વારસાઓ આપણે જ સુરક્ષિત રાખવા પડશે, નહીંતર પાલિતાણા અને સમ્મેતશિખર માટે જેમ ભેગા થઇ રેલી અને સભાઓ કરવી પડે છે તે લીધેલી સાવધાનીથી કરવાનો સમય નહીં આવે.

– મહેન્દ્ર મોતા (વારાપદ્ધર-ડોંબિવલી)


DR.(HC) BIPIN NAGDA
BIPIN
NAGDA
- SINCE 1973 -
INSURANCE RIGHT NOW
HONORARY
(Honors Causa)
DOCTORATE DEGREE
THE AMERICAN UNIVERSITY-USA
In
"PUBLIC RELATION"

# કેડીઓ ક્લાસિક મુંબઈ દ્વારા ભુજમાં કચ્છી નાટક 'મન મેલેં ત અખીયૂં ખેલેં' નાટકનું કચ્છ વિસ્તારના જ્ઞાતિજનો માટે આયોજન




તા.૧૨ ફેબ્રુઆરી રવિવાર બપોરે ૩ કલાકે શ્રી કે.ડી. ઓ.ક્લાસિક મુંબઈ દ્વારા 'મન મેલેં ત અખીયૂં ખેલેં'નામનો કચ્છી નાટકના શોનું આયોજન કચ્છમાં રહેતા ક.દ.ઓ. જૈન જ્ઞાતિના સર્વે માટે કરેલ છે એ માણવા માટે પધારવા શ્રી ગાંધીધામ ક.દ.ઓ.જૈન મહાજન એ હાર્દિક આમંત્રણ આપેલ છે. આવવા જવાની તથા જમવાની વ્યવસ્થા આયોજકો દ્વારા કરાઈ છે.

સવારે ૮ કલાકે ગાંધીધામથી પ્રસ્થાન ૯.૩૦ કલાકે ભુજ આગમન અને ભુજમાં નવા બનેલી સ્મૃતિવનની મુલાકાત બપોરે ૧ કલાકે ભોજન, બપોરે ૨ કલાકે ચા, બપોરે ૩ કલાકથી કચ્છ નાટકના મોજ ત્યારબાદ સાંજના ભોજન બાદ ગાંધીધામ જવા પ્રસ્થાન.

ઉપરોક્ત કાર્યક્રમમાં ગાંધીધામ વિસ્તારના સર્વે જ્ઞાતિજનોને જોડાવવા નમ્ર નિવેદન કરાયેલ છે. જે માટે નામ લખાવવા શ્રી ક.દ. ઓ.જૈન મહાજન ગાંધીધામના કારોબારી સભ્ય મહેશ લોડાયા-૯૯૦૪૩૪૩૩૮૧ અને વસ્તુપાળ નાગડા-૯૯૭૪૯૪૬૦૯૮નો સંપર્ક કરવો.

---

# વર્ધમાનનગરના ઘંટાકર્ણ મહાવીરદેવ મંદિરે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો

ભુજ પરિસરના વર્ધમાનનગરમાં આવેલા ઘંટાકર્ણ મહાવીરદેવ મંદિરે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. જેનો લાભ માતા જમકુબાઈ મુલજી લાપસિયા કોઠારા હસ્તે અનિલભાઈ મૂલજી લાપસિયાના પરિવારજનોએ લીધો હતો.

આ પ્રસંગે પ.પૂ.શ્રી કવીન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ.શ્રી કંચનસાગરજી મ.સા. તથા પ.પૂ.શ્રી કલ્પતરૂસાગરજી મ.સા.એ પોતાની નિશ્રા આપી હતી.

સવારે સતરભેદી પૂજા બાદ ધ્વજારોહણ શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે કરાયું હતું. સંગીતની રમઝટ નિકેશ દેઢિયા એન્ડ પાર્ટીએ જમાવી હતી. બપોરે સ્વામિવાત્સલ્ય યોજાયું હતું. હવનના શાસ્ત્રોક્ત વિધિવિધાન મહુડીથી આવેલા વિધિકાર કમલેશભાઈ તથા પિયુષભાઈએ કરાવી હતી. આ પ્રસંગે અનિલભાઈ લાપસિયા, કિશોરભાઈ સાંયા, રાજેન્દ્ર સાંયા, અનિલ સાંયા, મહેન્દ્ર લાપસિયા, પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, ભુપેશ શાહ, ઝવેરચંદ ખોના, દર્શક શાહ, મનિષ સાંયા, સંદીપ સાયા તથા જરીવાલા ગ્રુપ મુંબઈ અને વર્ધમાન નગરવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**


**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

।। સુથરી તીર્થમંડન શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

।।શાસનદેવી શ્રી ચક્રેશ્વરી માતાય નમઃ।। ।। અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાય નમઃ ।।

# શ્રી સુથરી જૈન સંઘ



## 185 મી ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવ

**ત્રયાન્હિકા મહોત્સવ**

**વિ.સં. ૨૦૭૯, વૈશાખ સુદ-૬, મંગળવાર, તા. ૨૫.૦૪.૨૦૨૩ થી વૈશાખ સુદ-૮, ગુરૂવાર, તા. ૨૭.૦૪.૨૦૨૩**

૧૮૫મી ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવે પધારનાર ભાગ્યશાળી પરિવારોને રેલ્વે સેકન્ડ સ્લીપર ક્લાસ ટીકીટના લાભાર્થી પરિવાર **માતુશ્રી ઝવેરીબાઇ શામજી ખીંયશી પરિવાર**

**શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના ૧૮ અભિષેક કરાવવાનો આદેશ તા. ૨૬.૦૪.૨૦૨૩ના રોજ શ્રી સુથરી મહાતીર્થે રાત્રિ ભાવના દરમ્યાન અપાશે.**

| અભિષેક તથા ધ્વજારોહણનો લાભ | નકરો | અભિષેક તથા ધ્વજારોહણનો લાભ | નકરો |
|---|---|---|---|
| પ્રાચિન શ્રી અજિતનાથ દાદા (ગંભારો) | ૧૧,૦૦૦/- | શ્રી કુંથુનાથજી ૫-દેરી (ગંભારો) | ૧૧,૦૦૦/- |
| નૂતન શ્રી અજિતનાથ દાદા (ગંભારો) | ૧૧,૦૦૦/- | શ્રી જીરાવલ્લા ચૌમુખજી (ગંભારો) | ૧૧,૦૦૦/- |
| શ્રી આદિનાથ દાદા (ગંભારો) | ૧૧,૦૦૦/- | શ્રી સહસ્રકૂટ જિનમંદિર | ૫,૦૦૦/- |
| શ્રી શાંતિનાથ દાદા (ગંભારો) | ૫,૦૦૦/- | શ્રી ચક્રેશ્વરી દેવી ધ્વજા | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મનાથ દાદા (ગંભારો) | ૫,૦૦૦/- | શ્રી મહાકાળી દેવી ધ્વજા | ૫,૦૦૦/- |
| શ્રી ચૌમુખજી દાદા (ગંભારો) તથા જ્ઞાનભંડારની ધ્વજા | ૫,૦૦૦/- | દાદાવાડી શ્રીપૂંજ ધ્વજા | ૩,૦૦૦/- |

**વિશેષ નોંધ: અભિષેકના નકરા માટે ૧ (એક) થી વધારે ભાગ્યશાળીઓ હશે તો ગંભારાની ઘૃતઉછામણી કરવામાં આવશે.**

**ત્રયાન્હિકા મહોત્સવે સાધર્મિક ભક્તિના લાભ માટેના નકરા**

| શુભ દિન | સંપૂર્ણ દિવસનો નકરો | નવકારશી | સાધર્મિક ભક્તિ | ચા-પાણી | ચૌવિહાર ભોજન |
|---|---|---|---|---|---|
| મંગળવાર, તા. ૨૫.૦૪.૨૦૨૩ | ૭૨,૦૦૦/- | ૨૨,૦૦૦/- | ૩૩,૦૦૦/- | ૩,૦૦૦/- | ૧૭,૦૦૦/- |
| બુધવાર, તા. ૨૬.૦૪.૨૦૨૩ | ૭૨,૦૦૦/- | ૨૨,૦૦૦/- | ૩૩,૦૦૦/- | ૩,૦૦૦/- | ૧૭,૦૦૦/- |
| ગુરૂવાર, તા. ૨૭.૦૪.૨૦૨૩ | ૧,૦૧,૦૦૦/- | ૨૮,૦૦૦/- | ૫૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૧૭,૦૦૦/- |

શુક્રવાર, તા. ૨૮.૦૪.૨૦૨૩ શ્રી ભલારાદાદા દેવસ્થાનક - પીર ફરીયા-સુથરી સ્થાનકે ૭મી ધ્વજારોહોણ ઉજવવામાં આવશે. આપ સહુ સુથરીવાસીઓ, નિયાણીઓ, શ્રેષ્ઠિવર્યો વધુમાં વધુ ઉત્સાહથી જોડાઇ આંગણે આવેલા અવસરમાં ઉદારદિલથી જોડાઇ પુણ્યાનુંબંધી પુણ્યનું ઉપાર્જન કરી શકો છો. આપ સહુને લાભ લેવા માટે શ્રી સુથરી સંઘની પેઢીએ સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે નામ લખાવવા નમ્ર વિનંતી. જેથી જાહેરાત - કાર્યવાહી કરવા સુગમતા રહે.

**નોંધ: આપના આગમનની આગોતરી જાણ તેમજ ધ્વજારોહણે વિવિધ લાભ માટે શ્રી સુથરી જૈન સંઘની પેઢી ઉપર શ્રી જિજ્ઞેશભાઇ છેડા-૯૭૨૬૨૧૩૮૨૭, શ્રી વર્ધમાન લોડાયા - ૯૮૩૩૫૮૫૨૮૦ ઉપર સંપર્ક કરવા નમ્ર વિનંતી.**

**સાધર્મિક ભક્તિના લાભની વિશેષ જાણકારી માટે સંપર્કઃ શ્રી ચિંતન દંડ - ૯૮૨૦૧૪૭૯૬૭, શ્રી કાર્તિક દંડ - ૯૮૨૧૩૩૬૮૩૩**

**શ્રી સુથરી જૈન સંઘ વતી ટ્રસ્ટીગણ તથા વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો**

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

## જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે

## નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**વિજયભાઈ ધરમશી**
તા.૧૬ જાન્યુ. (ઉ.૫૪)
કોઠારા-સિકંદરાબાદ



**રશ્મિબેન મોમાયા**
તા. ૧૭ જાન્યુ. (ઉ.૫૬)
સાંયરા-અમદાવાદ



**ગુલાબચંદ લોડાયા**
તા.૧૯ જાન્યુ. (ઉ.૭૭)
રાપર ગઢવારી-નવાપુર



**મણિબેન લોડાયા**
તા.૧૯ જાન્યુ. (ઉ.૮૭)
મોટી ખાવડી-થાણા



**દમયંતીબેન મૈશેરી**
તા.૨૦ જાન્યુ. (ઉ.૭૨)
કોઠારા-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક એકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત જ્યા રિહેબિલિટેશન ઈન્સ્ટિટ્યૂટ અને રિસર્ચ સેન્ટરના ડૉ.વીરેન્દ્ર શાંડિલ્યને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફથી વિકલાંગોના પુનર્વસન માટેની શ્રેષ્ઠ કામગીરી બદલ વર્ષ ૨૦૨૨નો રાષ્ટ્રીય એવોર્ડ જાહેર કરાયો છે. છેલ્લા બાવીસ વર્ષથી સેન્ટરમાં સેવા આપે છે. માનવસેવાના કાર્યમાં છેલ્લા ૫૦ વર્ષથી કાર્યરત બિદડા સર્વોદય ટ્રસ્ટના નેજા હેઠળ ચાલતા આ સેન્ટરને વર્ષ ૨૦૧૧ તથા ૨૦૧૨માં વિકલાંગ પુનર્વસન તથા ભૂકંપમાં વિકલાંગોની ઉત્તમ સારવાર બદલ રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

● માધાપરના નવચેતન અંધજન મંડળના મંત્રી અને વિશિષ્ટ શિક્ષક તરીકે કાર્યરત હિમાંશુ જે સોમપુરાને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી શ્રેષ્ઠ દિવ્યાંગજનનો રાષ્ટ્રીય પુરસ્કાર જાહેર કરાયો. તેઓને દિવ્યાંગજનોના પુનવર્સન અર્થે રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી બદલ વર્ષ ૨૦૨૧ના શ્રેષ્ઠ દિવ્યાંગજન તરીકેના રાષ્ટ્રીય એવોર્ડ તા.૩ ડિસેમ્બરના આંતરરાષ્ટ્રીય દિને નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિના હસ્તે એનાયત કરાયો.

● કેનેડામાં ગાંધીધામની ઉદ્યોગ સાહસિક મહિલાને કચ્છી હેન્ડલૂમ અને ખાદીની ચીજવસ્તુનો વેપાર પ્રસ્થાપિત કરવાની મંજૂરી અપાઈ છે. ગાંધીધામ ચેમ્બરની મહિલા વિંગ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડાયેલા છાયા ચૌહાણના પ્રોજેક્ટની પસંદગી થઈ છે. વિશ્વભરમાંથી ૨૭ પ્રોજેક્ટની પસંદગી કરાઈ છે. કેનેડામાં ઔદ્યોગિક સાહસિક તરીકે વિઝા મેળવનાર છાયાબેન ચૌહાણ ગાંધીધામમાં તૈયાર કરાયેલ અજરખ બાટિક તથા ખાદીના કોટ-બ્લેઝર તથા કચ્છનું ભરતકામ સહિતની ચીજ વસ્તુઓ હેલિફેક્સ, નોવા સ્કોટિયામાં ઇથિકલ ઈન્ડિયા નામની પેઢી તળે વેચાણ કરી કચ્છ અને ભારતનો વિદેશમાં ડંકો વગાડશે.

● આફ્રિકી રાષ્ટ્ર કેન્યામાં હાલ દુષ્કાળ પ્રર્વતે છે. વરસાદ ન પડવાથી જંગલમાં ઘાસની તીવ્ર તંગી સર્જાઈ છે. કાળમુખા દુષ્કાળની પીડા કચ્છીઓ સિવાય વધુ કોણ જાણે? કર્મભૂમિ કેન્યાના કપરા કાળે કચ્છીઓ દ્વારા ગૌમાતાને બચાવી લેવા અભિયાન શરૂ કરાયું છે. ૧૧ નીરણ કેન્દ્રોમાં ૧૨ હજારથી વધુ ગૌવંશોનો નિભાવ કરી દૂધનું કર્જ ચૂકવવાની લાગણી સાથે કર્મ થઈ રહ્યું છે.

● દેશના વિવિધ રેલવે સ્ટેશનોના પુનઃ નિર્માણ પ્રકલ્પ રેલ્વે મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. તેમાં કચ્છના પાટનગર ભુજના રેલવે સ્ટેશનનો પણ સમાવેશ કરાયો છે. આ કામનો આરંભ કરી દેવાયો છે. રણોત્સવને કારણે અને અન્ય પ્રવાસન સ્થળોને કારણે રેલ માર્ગે આવતા પ્રવાસીઓની સંખ્યા અનેક ગણી છે ત્યારે પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખી રેલ્વે દ્વારા રેલ્વે સ્ટેશનને આધુનિક બનાવવા માટેના કાર્યમાં સ્ટેશન આગળના ભાગની દીવાલને કચ્છના સફેદ રણ અને ભૂંગાની માટીની દીવાલ અને મીરર વર્કથી સજાવવામાં આવશે. સૂચિત નવું રેલ્વે સ્ટેશન સમકાલીન અને પ્રાદેશિક સ્થાપત્યનું સંમિશ્રણ હશે. આ પ્રકલ્પ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

● પૂનાની ૪૫ વર્ષીય અને બે બાળકના માતા પ્રીતિ મસ્કે એ કચ્છના કોટેશ્વરથી અરૂણાચલ પ્રદેશ સુધીની ચાર હજાર કિલો મીટરનું અંતર સાઈકલ દ્વારા ૧૪ દિવસમાં સંપન્ન કરી હતી. દેશના પશ્ચિમથી પૂર્વ સુધીનું આ અંતર સાયકલથી એકલે સંપન્ન કરનારા તેઓ પહેલા મહિલા બન્યા હતા. આ દુર્ગમ યાત્રા ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાલ, આસામ થઈને અરૂણાચલ પ્રદેશના અને ચીનને અઢીને આવેલ સરહદ પાસેના કિબિથુએ સાઈકલ યાત્રા સંપન્ન થઈ હતી.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)